GJBN010021122026

રજૂ તારીખ : ૧૮/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૧૮/૦૫/૨૦૨૬
નિકાલ તારીખ : ૦૬/૦૮/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**ફોજદારી રીવીઝન અરજી નં.૮૫/૨૦૨૬**

**અરજદારો :–**

૧. **વાલજીભાઈ નાગજીભાઈ સુતરીયા,**
ઉ.વ.આ.૭૦, ધંધો : ખેતી,
રહે.બજુડ, તા.ઉમરાળા, જિ.ભાવનગર.

૨. **તળશીભાઈ નાગજીભાઈ સુતરીયા,**
ઉ.વ.આ.૬૮, ધંધો : ખેતી,
રહે.બજુડ, તા.ઉમરાળા, જિ.ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :–**

૧. **હિરલબેન જયપ્રકાશભાઈ ત્રીવેદી,**
ઉ.વ.આ.૪૫, ધંધો : ઘરકામ,
રહે.આંબલા, તા.સિહોર,
જિ.ભાવનગર.

૨. **શ્રી સરકાર,**
ઠે.સરકારી વકીલશ્રી મારફત,
સરકારી વકીલ ઓફીસ,
ભાવનગર.

**બાબત : સી.આર.પી.સી. કલમ કલમ ૩૯૭ અન્વયે રીવીઝન અરજી.**

**અરજદાર તરફે : વિધ્વાન વકીલશ્રી આર.એમ.બરબસીયા**
**સામાવાળા નં.૧ તરફે : વિધ્વાન વકીલશ્રી કે.કે.સૈયદ**
**સામાવાળા નં.૨ તરફે : વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી**

**–:: ચૂકાદો ::–**

૧. સી.આર.પી.સી. કલમ કલમ ૩૯૭ અન્વયે હાલની રીવીઝન અરજી અરજદારો/મુળ આરોપીઓ ધ્વારા ઉમરાળાનાં વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીએ ફોજદારી કેસ નં.૯૨/૨૦૧૮ ના કામે તા.૭/૪/૨૦૨૬ ના રોજ તેઓની સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ ૧૧૪ ના ગુના અન્વયે તહોમતનામું ફરમાવવાનાં કરેલ હુકમથી નારાજ થઇ દાખલ કરેલ છે.

૨. અરજદારોના વિધ્વાન વકીલ શ્રી ધ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ વાજબી, ન્યાયી અને ઉચિત નથી. ટ્રાયલ કોર્ટ સમક્ષ ફકત ફરિયાદી હિરલબેન ધ્વારા જુબાની આપવામાં આવેલ છે અને તેને લક્ષમાં લઈ તહોમતનામું ફ્રેમ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ફરિયાદની હકીકત લક્ષમાં લેતા અજદારોને સને ૨૦૦૫ માં જે રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થયેલ તે કોઈપણ પ્રકારની સીવીલ કાર્યવાહી કર્યા સિવાય ટ્રાયલ કોર્ટ સમક્ષ સને ૨૦૧૬ માં ફરિયાદ દાખલ કરીને પડકારેલ છે, જે સ્પષ્ટ રીતે સીવીલ પ્રોસેસ ન કરીને ક્રિમિનલ પ્રોસેસનો દુરુપયોગ કરીને અરજદારોને હેરાન પરેશાન કરવાના એકમાત્ર ઈરાદે આશરે ૧૧ વર્ષ બાદ ટ્રાયલ કોર્ટ સમક્ષની કાર્યવાહી દસ્તાવેજ થયા બાદ જે કરવામાં આવેલ છે તે લીમીટેશન એકટ તેમજ સી.આર.પી.સી.ના પ્રબંધો લક્ષમાં લેતા ટકવાપાત્ર નથી. ટ્રાયલ કોર્ટ સમક્ષના ચાર્જના પુરાવા માટે ફરિયાદીની જુબાની લક્ષમાં લેતા અગાઉ ઉમરાળા પોલીસ સમક્ષ ફરિયાદ દાખલ કરેલ જે અન્વયે પોલીસ ધ્વારા ગુન્હો બનતો ન હોય તેઓની ફરિયાદ માંડવાળ કરેલ તેવી હકીકત સ્વીકારેલ છે, પરંતુ સદર હકીકત ફરિયાદીએ ટ્રાયલ કોર્ટ સમક્ષ છુપાવેલ હતી. ટ્રાયલ કોર્ટ ધ્વારા પોલીસ રીપોર્ટ વગર ફરિયાદીની કહેવાતી હકીકત સ્વીકારીને હુકમ કરેલ છે. ફરિયાદી ધ્વારા

જે તકરારી દસ્તાવેજ અન્વયે ફરિયાદ દાખલ કરવામાં આવેલ તેમાં સ્પષ્ટ રીતે ફરિયાદીના પિતાનું સરનામું બજુડ, તા.ઉમરાળા, જિ.ભાવનગર બતાવેલ હોય જેથી તેઓને તે સરનામે મામલતદાર ધ્વારા ૧૩૫(ડી) ની નોટીસ ઇશ્યુ કરવામાં આવેલ છે, પરંતુ ફરિયાદીની ફકત કહેવાતી પાલડી ગામની હકીકત સ્વીકારીને ટ્રાયલ કોર્ટ ધ્વારા જે તારણો આપેલ છે તે ટકવાપાત્ર નથી. એફ.એસ.એલ.ના રીપોર્ટમાં સહી અલગ હોવાની હકીકત આવતી હોવાના જે ફાઇન્ડીંગ આપેલ છે તે સ્વીકારવાપાત્ર નથી. કોઇપણ વ્યકિતની સહી ૧૦ વર્ષ પછી તે જ પ્રમાણે થતી હોય તે કદી કયારેય કહી શકાય નહિ. જેથી સદર ટેકનીકલ મુદા પર ટ્રાયલ કોર્ટ ધ્વારા કોઇપણ પ્રકારની એફ.એસ.એલ.ના અધિકારીની જુબાની સિવાય ચાર્જફ્રેમ કરવાનો હુકમ કરેલ છે તે ટકવાપાત્ર નથી. જેથી ઉમરાળાના વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ધ્વારા ફોજદારી કેસ નં.૯૨/૨૦૧૮ ના કામે તા.૭/૪/૨૦૨૬ નાં તહોમતનામું ફરમાવવાના હુકમને રદ કરી તેઓ સામે તહોમતનામું ઘડવા યોગ્ય કેસ ન હોવાનું ઠરાવી નિર્દોષ ઠરાવી આપવા જોઇએ.

૩. આ કામે સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષીએ તથા સામાવાળા નં.૧ નાં વિધ્વાન વકીલશ્રી ધ્વારા તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/રીવીઝનવાળા વિરુધ્ધ તહોમતનામું ફરમાવી શકાય તેવો પ્રાથમિક પુરાવો હોય નીચેની અદાલતનો હુકમ યથાયોગ્ય છે, તેમાં ફેરફાર કરવો જરૂરી નથી. જેથી હાલની રીવીઝન અરજી નામંજૂર કરવી જોઇએ.

૪. બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો, નીચેની અદાલતનો હુકમ તથા રજૂ કેસ કાગળો વંચાણે લેતા હાલની રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

૧. શું અરજદારો પુરવાર કરે છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ખોટો, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઇ વિરુધ્ધનો છે અને તેમાં આ અદાલતે હસ્તક્ષેપ કરવો જરૂરી છે ?

૨. શું હુકમ ?

૫. ઉપરોકત મુદા અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદા નં.૧ :-**

૬. હાલના કેસને ગુણદોષ ઉપર ચકાસીએ તે પહેલા એ હકીકત નોંધવી જરૂરી છે કે, સી.આર.પી.સી. કલમ ૩૯૭ હેઠળ જે રીવીઝન અરજી દાખલ કરવામાં આવી છે તે રીવીઝન અરજી માત્ર તેવા જ સંજોગોમાં મંજૂર કરી શકાય કે જયારે નીચલી અદાલત ધ્વારા તેના હુકમમાં કોઇ જયુરીસ્ડીકશનલ એરર અથવા તો એવી કોઇ ભૂલ કરેલ હોય કે જે ઓન ફેસ ઓફ રેકર્ડ ખોટી જણાઇ આવતી હોય અને સદરહુ હુકમ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતોથી સદંતર વિરુધ્ધનો કરવામાં આવેલ હોય.

૭. વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા તેમના તા.૭/૪/૨૦૨૬ ના રોજના હુકમમાં આપવામાં આવેલ તારણો ધ્યાને લેતા ફરિયાદની ટૂંકી હકીકત મુજબ ફરિયાદીના પિતાના અવસાન બાદ ઉમરાળા તાલુકાના બજુડ ગામે આવેલ ફરિયાદીના પિતાની માલિકીની ખેતીની જમીન સર્વે નં.૧૧૦ માં ફરિયાદી તથા તેઓની બહેનો ધ્વારા વારસાઇ કરાવવા માટે કાર્યવાહી કરતા જાણવા મળેલ કે સદર જમીન રેવન્યુ રેકર્ડમાં બજુડ ગામના વાલજીભાઇ નાગજીભાઇ તથા તુલશીભાઇ નાગજીભાઇ એટલે કે આરોપીઓના નામે ચડેલ હતી. જેથી ફરિયાદીએ વધારે તપાસ કરતા રજીસ્ટર દસ્તાવેજમાં તેઓના પિતાની ખોટી સહી જણાઇ આવેલ. આરોપીઓએ ખોટો દસ્તાવેજ ઉભો કરી જમીન પોતાના નામે કરાવી દીધેલ. ફરિયાદીને ૧૩૫(ડી) મુજબની નોટીસની બજવણી થયેલ નથી કે તેમજ ફરિયાદીના પિતા સને ૨૦૦૪ થી ૨૦૧૫ સુધી સતત બીમાર હોય આરોપીઓને કોઇ વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી જેથી હાલની ફરિયાદ કરેલ છે. ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાર્જના પુરાવામાં ફરિયાદીએ તેમની ફરિયાદ હકીકતને સમર્થન કરતી હકીકત જણાવી જે દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે તે વંચાણે લેતા સર્વે નંબર

૧૧૦ વાળી જમીનના કબજેદાર તરીકે હાલના આરોપીઓના નામ છે તેમજ વેચાણ દસ્તાવેજ આધારે આરોપીઓના નામ રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલાનો ઉલ્લેખ છે. એફ.એસ.એલ.નો અહેવાલ વંચાણે લેતા માર્ક ડી–૧, ડી–૨, ડી–૩ અને ડી–૪ વાળા દસ્તાવેજોની સહી પરત્વે એવો અભિપ્રાય આપેલ છે કે, "The disputed signatures marked D1, D2, D3 (xerox copy) and D4 ( xerox copy) are not identical with each other. They are different". આમ, આરોપીઓ ધ્વારા પ્રથમદર્શનીય રીતે ઇ.પી.કો. કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ ૧૧૪ મુજબનો ગુનો આચરેલ હોવાનું ફરિયાદ પક્ષે રજૂ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા પરથી જણાઇ આવતા તે ગુના અન્વયેનું તહોમતનામું ફરમાવવાનો હુકમ કરેલ છે.

૮. આ કામના અરજદારો તરફેની દલીલ કે દીવાની સ્વરુપના વિવાદોને બદઇરાદાથી અથવા દબાણ લાવવા માટે ફોજદારી ગુનાનો રંગ આપેલ છે. સદર દલીલના સમર્થનમાં અરજદારો તરફે **મધ્યપ્રદેશ હાઇકોર્ટ, ક્રિમિનલ રીવીઝન નં.૭૯૩/૨૦૨૩, સુધા રસીક વિરુધ્ધ ધી સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ અને બીજાઓનાં** ચૂકાદા પર આધાર રાખેલ છે. સદર ચૂકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે હું માનસહ સંમત થાઉ છું, પરંતુ આ કામે ટ્રાયલ કોર્ટનો ચૂકાદો વંચાણે લેતા ફરિયાદી તરફે રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવા માર્ક ડી–૧, ડી–૨, ડી–૩ અને ડી–૪ વાળા દસ્તાવેજોની સહી પરત્વે વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા એફ.એસ.એલ.નો અભિપ્રાય મંગાવવામાં આવેલ છે અને તેમાં વિવાદીત સહીઓ એકબીજા સાથે સમાન ન હોવાનો અભિપ્રાય આપેલ છે. તે સંજોગોમાં આરોપીઓ વિરુધ્ધ ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ ૧૧૪ ની કલમ અન્વયેનું તહોમતનામું ફરમાવવા સબંધે પ્રથમદર્શનીય પુરાવો જણાઇ આવે છે. વધુમાં આરોપી સામે ચાર્જફ્રેમ કરતી વખતે આરોપી ક્રિમિનલ ટ્રાયલ બાદ નિર્દોષ છુટશે કે કેમ તે નકકી કરવાનું હોતું નથી, પરંતુ તેની સામે ક્રિમિનલ કેસ ચાલી શકે કે નહિ અને તે અનુસંધાને તેની વિરુધ્ધ ચાર્જફ્રેમ કરવા માટે પુરતો

પુરાવો અસ્તીત્વમાં છે કે કેમ તે જ ચકાસવાનું હોય છે. આરોપીનો સંભવિત બચાવ પણ લક્ષમાં લઈ શકાય નહિ. એફ.એસ.એલ.નો દસ્તાવેજોની સહી પરત્વેનો અભિપ્રાય પરથી ફરિયાદ પક્ષ ધ્વારા ટ્રાયલ કોર્ટ સમક્ષ આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી શકાય તેટલો પ્રાથમિક પુરાવો મળી આવેલ છે. તે સંજોગોમાં વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં.૯૨/૨૦૧૮ ના કામે આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ ૧૧૪ ના ગુના અન્વયેનું તહોમતનામું ફરમાવવા તા.૭/૪/૨૦૨૬ ના રોજ કરેલ હુકમમાં વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા કાયદાની કોઇ ભૂલ કરેલ હોય કે તેમને મળેલ સત્તાથી વિશેષ સત્તાનો ઉપયોગ કરી હુકમ કરેલ હોય અથવા તો તેમનો તા.૭/૪/૨૦૨૬ નો હુકમ સંપૂર્ણપણે રદ થવાપાત્ર હોય તેવુ જણાઈ આવતું ન હોય, વિધ્વાન ટ્રાયલ કોર્ટનાં તા.૭/૪/૨૦૨૬ ના રોજના હુકમમાં કોઈ હસ્તક્ષેપ કરવો ઉચિત જણાતો ન હોય ન્યાયના હિતમાં **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

૧. અરજદારની ફોજદારી રીવીઝન અરજી નં.૮૫/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

૨. ઉમરાળાનાં વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધ્વારા ફોજદારી કેસ નં.૯૨/૨૦૧૮ ના કામે આરોપીઓ સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ તેમજ ૧૧૪ ના ગુના અન્વયેનું તહોમતનામું ફરમાવવા તા.૭/૪/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩. આ ચૂકાદાની પ્રમાણિત નકલ ટ્રાયલ કોર્ટને તાત્કાલીક મોકલી આપવી.

::: હુકમ આજ તા.૦૬, માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૦૬/૦૮/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin